# જિલ્લા પંચાયતોમાં કમિટિની રચના પાછી ઠેલવાનો નિર્ણય

અમદાવાદ, તા.૨૮

રાજયભરની કોંગ્રેસ શાસિત જિલ્લા પંચાયતોમાં પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી ગત તા. ૨૨ના રોજ યોજાયા બાદ આગામી તા. ૩૦ના રોજ રાજયની અનેક જિલ્લા પંચાયતોમાં વિવિધ કમિટીઓની રચના કરવા માટે સામાન્ય સભા બોલાવવામાં આવી છે. પરંતુ કમિટીઓમાં સ્થાન મેળવવા માટે ભારે કાવાદાવા લોબિંગ અને પ્રેશર શરૂ થતાં જ પ્રદેશ કોંગ્રેસના આગેવાનોએ કમિટીની રચનાઓના મુદ્દાને બ્રેક મારી દીધી છે. ટોચના આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ તા. ૩૦ના બુધવારે મળનારી સામાન્ય સભાનો એજન્ડા નીકળી ગયો છે અને વિવિધ કમિટીઓની રચના માટે સામાન્ય સભા બોલાવવામાં આવી હોવાનું સ્પષ્ટ જણાવવામાં આવ્યું હોવા છતાં બુધવારના જનરલ બોર્ડમાં એક પણ કમિટિની રચના નહીં થાય અને આગામી બોર્ડમાં કમિટીઓની રચના થશે તેવો ઠરાવ પસાર કરી સામાન્ય સભા સમાપ્ત કરવામાં આવશે. કમિટીઓની રચના બાદ ભડકો ન થાય તે માટે પ્રમુખ ઉપપ્રમુખ નક્કી કરતા પૂર્વે જે મુજબ જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યોને પ્રદેશ કોંગ્રેસમાં બોલાવ્યા હતા અને નિરીક્ષકોને મોકલી સેન્સ લેવામાં આવી હતી. તે મુજબ તા. ૧૫ જાન્યુઆરી બાદ દરેક જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યો અને જિલ્લાના કોંગ્રેસના આગેવાનોને ગાંધીનગર બોલાવવામાં આવશે.





## કોંગ્રેસ કાર્યાલય ખાતે કોંગ્રેસ અને સેવાદળનો સ્થાપનાદિન ઉજવાયો

કોંગ્રેસના ૧૩૧માં સ્થાપના દિન નિમિત્તે રાષ્ટ્રગીત ગાઈ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકીના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવીને ઉજવણી કરાઈ હતી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે ઉપસ્થિત મોટી સંખ્યામાં કાર્યકરો અને આગેવાનોને ૧૩૧માં કોંગ્રેસ સ્થાપના દિન નિમિતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષ ગાંધી-સરદારની વિચારધારામાં માનનારો પક્ષ છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ગુજરાતની પ્રજાએ જનાદેશ આપ્યો અને પ્રજાએ આપેલા મતોનો આભાર માન્યો હતો. કોંગ્રેસ પક્ષના કાર્યકરો તરીકે આપણાં સૌની વિશેષ જવાબદારી છે કે, દેશ સામેના પડકારો જેવા કે,અસમાનતા, ગરીબી સામે લડત આપવાની છે દેશમાં દલિત, આદિવાસી, લઘુમતિ, મહિલા અને બાળકોની તેમના હક્ક અને ન્યાય મળે તે માટે સૌ સાથે મળીને કામ કરવાનું છે.





## અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સ્થાપના દિન ઉજવાયો

અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા મુખ્યમથક મોડાસા શહેરના રામપાર્ક સોસાયટી (નવરાત્રી) ના મેદાનમાં સોમવારે ધ્વજવંદન કરીને સ્થાપના દિનની ઊજવણી કરવામાં આવી હતી. ૧૩૧માં ધ્વજવંદન સ્થાપના દિનના પ્રસંગમાં અરવલ્લી જિલ્લા પ્રમુખ કમલેન્દ્રસિંહના હસ્તે ધ્વજવંદન યોજાયું હતું. જેમાં અરવલ્લી જિલ્લા કોંગ્રેસના અગ્રણીઓ સહિત ગુજરાત કોંગ્રેસ મહામંત્રી વનરાજસિંહ રાઠોડ, અરૂણભાઈ પટેલ, મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, જિલ્લા પંચાયત સદસ્ય રેવાભાઈ ભાંભી, ચિરાગ ઉપાધ્યાય, અનુસૂચિ જાતિના પ્રમુખ નિકુંજ પરમાર, ભાવિક જોષી, કાદર અલી સૈયદ, આનંદ પરમાર અને અમિત મકવાણા, રાહુલ પટેલ, મોડાસા શહેર પ્રમુખ ઈકબાલ ઈપ્રોલીયા સહિત કોંગ્રેસના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# દિયોદર શહેરમાં ચોરીનું પગેરું શોધવા પોલીસ સક્રીય

દિયોદર, તા.૨૮

દિયોદર શહેરમાં અયોધ્યાનગર તથા શ્રીનાથ સોસાયટીમાં દશ મકાનોના તાળા તુટયા હતા જેમાં એક મકાનમાંથી સોના ચાંદીના દાગીના તથા રોકડ રકમ અને એકત્રીસ હજાર રૂપિયાની ફરિયાદ દિયોદર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

દિયોદર પોલીસે આ સમગ્ર ચોરીનું પગેરૂ મેળવવા માટે ડોગ સ્કોર્ડ, એફ.એસ.એલ. ટીમની મદદ લઈ જયાં મકાનના તાળા તુટયા છે તે સ્થળ ઉપર તપાસ આરંભી હતી. આ બાબતે યુવાન પીએસઆઈ એમ.બી. વાઘીયાએ મીડીયા સમક્ષ જણાવેલ કે ગત દિવસે દશ મકાનના તાળા તુટયા અને જે ચોરી થઈ છે તેનો ગુન્હો નોંધાયો છે જેની તપાસ માટે એફએસએલ અને ડોગ સ્કોર્ડની મદદ લીધી છે અને તપાસ ચાલુ છે.

પોલીસ પેટ્રોલીંગ પણ શહેરમાં વધારી દીધું છે અને આ ચોર ટોળકી હોવાનું દેખાઈ રહ્યું છે. આ અગાઉ પણ આ સોસાયટીમાં આ રીતે જ તાળા તોડી અંદર પ્રવેશ કરી ચોરીઓ કરવામાં આવી હતી અમારી તપાસ ચાલુ છે.

## આપની આજ

નરેન્દ્ર શાહ

(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ કર્ક બપોરે ૧.૦૦ કલાક બાદ સિંહ**

**આજના ગ્રહોની કુંડળી**

ગુરુ ૫ | રાહુ ૬ | ચંદ્ર ૪/૫ | ૩ | ૨ | મંગળ ૭ | ૧ | શુક્ર શનિ ૮ | બુધ ૧૦ | ૧૨ કેતુ | ૯ સૂર્ય | ૧૧

**ગુરુ - સૂર્ય તેમજ શુક્ર - મંગળ એકબીજાની રાશિમાં હોઈ પરિવર્તન યોગથી ઉચ્ચત્વ પ્રાપ્ત કરે છે. શુભ માલાયોગ છે.**

**મેષ** બપોર પછી ગજકેસરી યોગ પંચમ સ્થાનમાં થાય છે. ધન, પદ, કિર્તી મળે. ક્રોધ ત્યાગવો.

**વૃષભ** ચોથે ગજકેસરી યોગ તેમજ સાતમે શુક્ર, શનિની યુતિ અણધાર્યો લાભ અપાવે.

**મિથુન** બપોર પછી શુભ યોગથી વ્યગ્રતા ઓછી થાય - પરદેશના સારા સમાચાર મળે.

**કર્ક** સાહિત્યકારો - લેખકો - કવિઓ માટે ઉત્તમ દિવસ. ઉત્તમ સર્જન કરાવે.

**સિંહ** રાશિમાં ગુરુ ચંદ્રનો ગજકેસરી યોગ થાય છે. સાહસ કરશો તો સફળતા મળશે.

**કન્યા** બારમે ગુરુ ચંદ્રનો ગજકેસરી યોગ શુભ કાર્યમાં ખર્ચ કરાવે.

**તુલા** અગિયારમે ગજકેસરી યોગ આકસ્મિક ધન લાભ કરાવે. ક્રોધ ન કરવો.

**વૃશ્ચિક** દસમે ગજકેસરી યોગને રાશિમાં શનિ શુક્ર લોકપ્રિયતા વધારે.

**ધન** પરિવર્તન યોગથી ગુરુ - સૂર્ય ઉચ્ચના થાય છે. આધ્યાત્મિક ઉન્નતિ કરાવે.

**મકર** શુક્ર - મંગળનો પરિવર્તન યોગ આપની અકલ્પીત પ્રગતિ કરાવે.

**કુંભ** વ્યસનથી દૂર રહેવું. સામે ગજકેસરી યોગ શુભ કાર્યો કરાવે.

**મીન** ગજકેસરી યોગના કારણે રાહુ - મંગળની ખરાબ અસરોમાં રાહત મળશે. દાન-પુણ્ય કરવા.

# ઉંચી આવક ધરાવનારને એલપીજી સબસિડી નહીં મળે

અમદાવાદ, તા.૨૮

કેન્દ્ર સરકારે આજે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો હતો જેના ભાગરુપે ૧૦ લાખથી વધુની કરવેરા પાત્ર આવક ધરાવનાર ગ્રાહકોને એલપીજી સબ્સિડી આપવામાં આવશે નહીં. વાર્ષિક આવક ૧૦ લાખની રહેશે તેને આ લાભ પરત ખેંચી લેવામાં આવશે. આ નવી વ્યવસ્તા જાન્યુઆરી ૨૦૧૬ સુધી અમલી બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, સ્વજાહેરાતના આધાર પર શરૂઆતમાં આ સ્કીમને અમલી બનાવવામાં આવશે. જે લોકો સ્વૈચ્છિકરીતે પોતાની આવક જાહેર કરી ચુક્યા છે તે લોકો માટે આ વ્યવસ્થાને સૌથી પહેલા અમલી બનાવવામાં આવશે. ત્યારબાદ અન્યોને આ સ્કીમ લાગૂ પડશે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, સરકારે આ હિલચાલ હાથ ધરી છે. કારણ કે તે માને છે કે, ઉંચી આવક ધરાવતા ગ્રાહકોને માર્કેટ કિંમતે સિલિન્ડરોની ખરીદી કરવી જોઈએ. દેશમાં ૧૬.૩૫ કરોડ એલપીજી ગ્રાહકો પૈકી ૫૭.૫ લાખ ગ્રાહકો સ્વૈચ્છિક રીતે ગિવ ઈટ અપ અભિયાન હેઠળ સબ્સિડી છોડી ચુક્યા છે. આ સબ્સિડી ઝુંબેશમાંથી બચાવવામાં આવી રહી છે. સાથે સાથે ગરીબ પરિવારોને વધારે રાહત આપવામાં આવી રહી છે. અહેવાલમાં જણાવવામાં આવી રહ્યું છે કે, સબ્સિડી ગરીબ પરિવારોને મળશે. ગિવ બેક અભિયાન હેઠળ બીપીએલ પરિવારોને નવા કનેક્શન આપવામાં આવશે.

પહેલી જાન્યુઆરીથી નવી સ્કીમને અમલી બનાવવામાં આવનાર છે. એલપીજી સબ્સિડી છોડી દેવા માટે નરેન્દ્ર મોદી રજૂઆત પણ કરી ચુક્યા છે. ગરીબ પરિવારો કેરોસીન, કોલસા, લાકડા જેવી ચીજવસ્તુઓનો પરંપરાગત ફ્યુઅલ તરીકે ઉપયોગ કરે છે જેના કારણે તેમને નુકસાન થાય છે. ગરીબ પરિવારોને હાડમારીથી બચાવવાના હેતુસર આ નિર્ણય લેવામાં આવ્યો છે. આવા ફ્યુઅલના કારણે આરોગ્ય પર માઠી અસર થઈ રહી છે. ગિવ બેક ઝુંબેશ અને ગિવ ઈટ અપ ઝુંબેશને લઈને દેશભરમાં ચર્ચા રહી છે. વડાપ્રધાન મોદીએ થોડાક સમય પહેલા અપીલ કરતા કહ્યું હતું કે, ઉંચી આવક ધરાવનાર લોકો અને માર્કેટ કિંમતે ગેસ ખરીદવા લાયક લોકોએ એલપીજી સબ્સિડી છોડી દેવી જોઈએ. આનાથી ગરીબ પરિવારને ફાયદો થશે અને આ સબ્સિડી ગરીબ પરિવારોને અપાશે.



અરવલ્લી જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ શામળાજીથી ૩ કિ.મી. દૂર રતનપુર ચેકપોસ્ટ નજીકથી શામળાજી પોલીસે ટ્રકમાંથી વગર પાસ પરમીટે મરણતોલ હાલતમાં અને કોઈ પણ જાતના ઘાસચારાની સગવડ વગર મુશ્કેટાટ બાંધેલા ૬૬ ગાય-વાછરડાને કતલખાને લઈ જતા ઝડપી પાડી ૧૧.૩૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાલુ હુસૈન મોહંમદ ન્યારગા (મધ્યપ્રદેશ, માંદસોર), ને ઝડપી પાડ્યો હતો અને નાસી છૂટેલા દિનાભાઈ દેવાભાઈ વણઝારા (રાજસ્થાન) વિરુદ્ધ પ્રાણી અત્યાચાર નિવારણ અંગેનો ગુનો નોંધી ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા.



મેઘરજ પોલીસ સ્ટેશને પોલીસ સ્ટાફની વાર્ષિક ઈન્સ્પેકશન પરેડ યોજવામાં આવી હતી. જેમાં કે.એફ. બડોલીયા નાયબ પોલીસ અધિક્ષક હાજર રહ્યા હતા. આ ઉપરાંત મેઘરજના પી.એસ.આઈ. આઈ.એમ. ભાટી અને મેઘરજ પોલીસના ૨૧ કર્મીઓ પરેડમાં હાજર રહ્યા હતા.

# કોર્પોરેશનના મહત્વના હોદ્દા અંગે પસંદગીને લઈ ગૂંચવણ

અમદાવાદ, તા.૨૮

મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ટોચના નેતા પદને લઈને કોંગ્રેસમાં ભારે વિખવાદની સ્થિતિ સર્જાયેલી છે. કોંગ્રેસમાં આંતરિક ખેંચતાણના કારણે નેતા પદનો મામલો હજુ અટવાયો છે. વહેલી તકે નિર્ણય લેવાય તેવી શક્યતા ઓછી છે. મ્યુનિ. કોંગ્રેસના નેતાપદે બહુમતી સમાજ કે લઘુમતી સમજને પ્રતિનિધિત્વ આપવું, બહુમતી સમાજમાં પાટીદાર કે ઓબીસીના ચૂંટાયેલા પ્રતિનિધિને નેતાપદ ફાળવવું વગેરે મુદ્દાઓ ઉપર હજુ કોંગ્રેસ હાઉસમાન્ડ અવઢવમાં મૂકાયું છે. પરિણામે પ્રદેશ ક્વાયત પર પાણી ફરી વળ્યું છે. સુરેન્દ્ર બક્ષી, અતુલ પટેલ અને બદરુદ્દીન શેખ વચ્ચે કાતિલ સ્પર્ધાનો માહોલ છે એટલે શનિવારે મોડી રાતે નેતાનું નામ જાહેર થઈ જવાનું હતું, પરંતુ હાઈકમાન્ડ જ મુશ્કેલીમાં મુકાયેલ છે. બીજી તરફ ભાજપે પૂર્વ ડેપ્યુટી મેયર બિપીન સિક્કાને વજરાજસિહે ઝાલાનો ચૂંટણીમાં પરાજય થવાથી શાસક પક્ષના નેતા બનાવીને નેતાના મામલે બાજી મારી દીધી છે. જોકે નેતાપદના અનેક દાવેદારો કપાઈ જવાથી ભાજપમાં નીચલી કમિટીઓની રચનાનું કામ ટલ્લે ચઢ્યું છે. ભાજપ હાઈકમાન્ડ પણ નીચલી કમિટીઓમાં ચેરમેનપદું મેળવવા થતી આપસી ટાંટિયાખેંચથી સંકટમાં મુકાયું છે. મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ ચેરમેન, પક્ષના નેતા, ચાર ટોચના હોદા જ નક્કી કરી શકાયા છે, જોકે એએમટીએસ અને સ્કૂલ બોર્ડના ચેરમેન થવા ભાજપમાં ધમસાણ મચ્યું છે.

## કૃષિ વિકાસ થકી... ● પાન-૮નું અનુ.

ઈરાદો વ્યક્ત કર્યો હતો. આ તબક્કે જિલ્લા કોંગ્રેસ પ્રમુખે પણ સંગઠન અને વહીવટી પાંખ સાથે સુગ્રથિત સંકલન સાધીને જિલ્લા પંચાયતની સત્તાઓનો સદુપયોગ થાય તે માટે વહીવટી તંત્ર અને સરકાર સાથે તાલમેલ સાધવા જિલ્લા કોંગ્રેસ સકારાત્મક ભૂમિકા અદા કરશે. તેમજ જિલ્લા-તાલુકા પંચાયત થકી પારદર્શક વહીવટ થાય અને જન કલ્યાણના કાર્યો અને પ્રજાકીય પ્રશ્નોનો વ્યાજબી, સચોટ અને ત્વરિત ઉકેલ મળે તેવું સુશાસન આપવાના નિર્ધાર સાથે ગુજરાત કોંગ્રેસના પ્રમુખશ્રી ભરતસિંહજી સોલંકી અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શ્રી શંકરસિંહજી વાઘેલા દ્વારા ગુજરાતના નવસર્જન માટે પંચાયતોનું નવસર્જન કરવા માટે જે ૨૦ મુદ્દાઓનો સંકલ્પ પત્ર જાહેર કર્યો છે. તે પરત્વે કોંગ્રેસનો પ્રત્યેક કાર્યકર સજાગ બની સક્રિય કામગીરી અદા કરશે તેવું જણાવી જિલ્લાના પ્રજાજનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## શરમજનક સ્થિતિ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મુંબઈ કોંગ્રેસના મુખપત્રમાં જવાહરલાલ નહેરુ અને સોનિયા ગાંધી પર તીવ્ર પ્રહાર કરવામાં આવ્યા છે. આમા નહેરુની ટિકા કરતા તેમની કાશ્મીર, ચીન અને તિબેટની નીતિને લઈને પ્રહાર કરવામાં આવ્યા છે. મુખપત્રમાં સાફ લખવામાં આવ્યું છે કે, નહેરુને આંતરરાષ્ટ્રીય મામલાઓ ઉપર સ્વતંત્રતા સેનાનીઓ અને તત્કાલિન ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલની વાત સાંભળવાની જરૂર હતી. ૧૫મી ડિસેમ્બરના દિવસે પટેલની પુણ્યતિથિ પર તેમને શ્રદ્ધાંજલિ આપવાના હેતુસર આ મહિનામાં પાર્ટીના કોંગ્રેસ દર્શનમાં પ્રકાશિત લેખમાં ઘણી બધી બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જો કે, આ લેખમાં લેખકના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. કોંગ્રેસ દર્શનના ડિસેમ્બર ઈશ્યુમાં સોનિયા ગાંધી ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરાયું છે. સોનિયા ગાંધીના વિદેશી મૂળ પર કોંગ્રેસ પાર્ટી પહેલાથી જ વિખવાદમાં રહી છે. આમા શરૂઆતી જીવન પર વિગતવાર માહિતી અપાઈ છે. સોનિયા ગાંધીની એરહોસ્ટેજ બનવાની ઈચ્છા પણ વ્યક્ત કરવામાં આવી છે. મુખપત્રમાં એવા આરોપ ઉપર પણ વાત કરવામાં આવી છે જેમાં સોનિયા ગાંધીના પિતાને ફાસિસ્ટ દર્શાવવા અને રશિયાની સામે વિશ્વ યુદ્ધમાં તેમના હારવાની વાત થતી રહી છે. કોંગ્રેસ પોતે જ ભાજપ અને ડાબેરીઓને ફાસિસ્ટ દર્શાવે છે. આમા આક્ષેપ કરાયો છે કે, સોનિયા ગાંધીના પિતા સ્ટેફનો માયનો એક પૂર્વ ફાસીવાદી સૈનિક હતા. સોનિયા કયા પ્રકારથી ઝડપથી પાર્ટી અધ્યક્ષ પદ પર પહોંચી તેની પણ વાત કરવામાં આવી છે. આમા જણાવવામાં આવ્યું છે કે, સોનિયા ગાંધીએ ૧૯૯૭માં કોંગ્રેસના પ્રાથમિક સભ્ય તરીકે નોંધણી કરાવી હતી અને ૬૨ દિવસ સુધી પાર્ટીના પ્રમુખ બની ગયા હતા. સરકાર રચવાના નિષ્ફળ પ્રયાસ પણ કર્યા હતા. કોંગ્રેસને હંમેશા નહેરુ અને પટેલ વચ્ચે કોઈપણ મતભેદને ફગાવી દીધા છે પરંતુ કોંગ્રેસ દર્શનના ડિસેમ્બર ઈશ્યુમાં આમા વાત કરવામાં આવી છે. આમા જણાવવામાં આવ્યું છે કે, પટેલના નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી પદ અપાયું હોવા છતાં બંને નેતાઓમાં તંગદિલીપૂર્ણ સંબંધ હતા. બંનેએ અનેક વખત રાજીનામા આપવાની ધમકી આપી હતી. નહેરુ વિદેશી મામલાઓના ઈન્ચાર્જ હતા અને કાશ્મીર મામલાને નહેરુએ પોતાની પાસે રાખ્યો હતો. પટેલ કેટલીક કેબિનેટ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

લેખમાં સાફ શબ્દોમાં જણાવવાયું છે કે, પટેલની દૂરદર્શીતાને ધ્યાનમાં રાખવામાં આવી હોત તો આજની સ્થિતિ સર્જાઈ ન હોત. આમા અનેક ચોંકાવનારી બાબતોનો ઉલ્લેખ છે. આમા જણાવવામાં આવ્યું છે કે, પટેલની વાત નહીં માનવાથી નહેરુએ ચીન, તિબેટ અને નેપાળ જેવા આંતરરાષ્ટ્રીય મામલાઓને અસ્તવ્યસ્ત કરી દીધા હતા.

## ક્ષણના ચણીબોર... (૪ પાનાનું ચાલુ...)

કેટલીકવાર અર્થહિન તથા વિકૃતિપૂર્ણ ગીતોનો મારો ચલાવાતો હોય તેવું લાગે ત્યારે આપણાં આ પરંપરાગત લોકગીતો તથા લગ્નગીતો તરફ અચૂક ધ્યાન જાય છે. માત્ર એ જૂનું છે માટે સારું છે તેવી વાત નથી. પરંતુ તેમાં સંઘરાઈને પડેલા ભાવ તથા લોકજીવનના અભિન્ન તાણાંવાણાંની જેમ વણાયેલા પ્રસંગો વાતોને કારણે સમાજજીવનની સ્વસ્થતા તેમજ પ્રસંગનો ઉલલાસ દર્શાવવા તેમજ તેને ટકાવી રાખવા માટે આપણાં આ લગ્નગીતોનું ખાસ મૂલ્ય છે. જે ઘરમાં શુભ લગ્નપ્રસંગ હોય ત્યાં કેટલીકવાર તો દિવસો પહેલા ભાવ તથા સામુહિક ઉમંગથી ગવાતા લગ્નગીતોની પ્રથા હવે ક્ષીણ થતી જાય છે. તેમ થવાના કારણો પણ હશે પરંતુ આ પ્રથા નબળી પડતાં લગ્નપ્રસંગ સમયે સહેજે મળતો સંગનો ગાતો ઉમંગ ઓસરતો ગયો છે.

## ક્લીનચીટ નથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કેજરીવાલે કહ્યું છે કે, તપાસ પંચના અહેવાલમાં કોઈના પણ નામનો ઉલ્લેખ નથી. આ કામગીરી હવે થઈ રહી છે. ડીડીસીએમાં થયેલી ગેરરીતિમાં તપાસ કરવા દિલ્હી સરકાર દ્વારા ત્રણ સભ્યોની પેનલની રચના કરવામાં આવી હતી. પેનલ તેનો અહેવાલ આપ્યા બાદ આમા જેટલીનો ઉલ્લેખની નથી જેથી ભાજપ દ્વારા હવે તેમના રાજીનામાની માંગ થઈ રહી છે. સાથે સાથે માફી માંગી લેવા પણ કહેવામાં આવી રહ્યું છે. કેજરીવાલ માફી માંગે તેવા અહેવાલ વચ્ચે કેજરીવાલે આજે આ પ્રતિક્રિયા આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, દિલ્હી સરકારના તપાસ અહેવાલમાં જેટલીના નામનો ઉલ્લેખ પણ નથી. આ અહેવાલમાં જેટલી દ્વારા ડીડીસીએના વડા તરીકે કોઈ ગેરરીતિ આચરવા અથવા તો છેતરપિંડીના કૃત્યોની વાત કરવામાં આવી નથી. ૨૪૭ પાનાનો અહેવાલ તૈયાર કરાયો છે. આ અહેવાલ આવ્યા બાદ હવે ભાજપે એએપી ઉપર આક્ષેપ કરવાની શરૂઆત કરી દીધી છે. દિલ્હીના મુખ્યમંત્રીએ જેટલીની જાહેરમાં માફી માંગવી જોઈએ તેવી માંગ હવે તીવ્ર બની રહી છે. આ પ્રકારની માંગ વચ્ચે આજે કેજરીવાલે ખુલાસો કર્યો હતો અને કોઈ માફી માંગવાનો ઈન્કાર કર્યો હતો. આનો મતલબ એ થયો કે, આગામી દિવસોમાં પણ ખેંચતાણનો દોર જારી રહી શકે છે. ગઈકાલે પત્રકાર પરિષદને સંબોધતા ભાજપના વરિષ્ઠ નેતા એમજે અકબરે કહ્યું હતું કે, તમામ એંગલથી કેજરીવાલે તપાસ કરાવી છે. હવે અરુણ જેટલીની કેજરીવાલ માફી માંગે તે સમય આવ્યો છે. દિલ્હી સરકારે ડીડીસીએ કૌભાંડની તપાસ માટે સમિતિ બનાવી હતી. આ સમિતિએ પોતાનો તપાસ રિપોર્ટ રજૂ કરી દીધો છે. સમિતિની તપાસમાં ડીડીસીએ કૌભાંડની તપાસનો ઉલ્લેખ છે, પણ જેટલીના નામનો કોઈ ઉલ્લેખ નથી.

## જિલ્લા પંચાયતના ... ● પાન-૮નું અનુ.

પટેલ, પિન્કીબેન પટેલ, ગીતાબેન પટેલ, પૂર્વ ધારાસભ્યો શ્રી બાબુસિંહ ઠાકોર, શ્રી સુરેશભાઈ પટેલ, શ્રી ધૂળાજી ઠાકોર, શ્રી અરવિંદસિંહ સોલંકી, સવધાનજી, સનાભાઈ તેમજ તાલુકા-શહેર કોંગ્રેસ પ્રમુખશ્રીઓ જિલ્લા-તાલુકા પંચાયત-નગરપાલિકાના ચૂંટાયેલા સદસ્યશ્રીઓ ફ્રન્ટલ ઓર્ગેનાઈઝેશન-સેલ-ડીપાર્ટમેન્ટનાં હોદ્દેદારો, સહકારી આગેવાનો, વિવિધ ગામોના સરપંચશ્રીઓ, કાર્યકરોની ઉપસ્થિતિમાં કાર્યભાર સંભાળ્યો હતો. આ મંગળ પ્રસંગે સત્યનારાયણ ભગવાનની પૂજા અર્ચના કરી કાર્યાલયમાં પ્રવેશ કર્યો હતો.

**જાહેર નિવિદા નં. ૩, સને ૨૦૧૫-૧૬**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં. ૯, પાટનગર યોજના ભવન, બી-બ્લોક, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ટે.નં. ૨૩૨ ૫૯૧૬૫/૬૬) તરફથી કચેરી દ્વારા ૫ (પાંચ) કામ જેની અંદાજીત રકમ રૂ. ૦.૯૭ થી ૨.૯૮ લાખ સુધીના કામ માટે વિગતવાર નિવિદા મુજબ પાત્રતા ધરાવતી એજન્સીઓ પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મ આપવાની છેલ્લી તા. ૧૧/૧/૨૦૧૬ અને પરત મેળવવાની છેલ્લી તા. ૧૮/૧/૨૦૧૬ છે. આ કામની વિગતવાર નિવિદા આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નિવિદા અંગેની વધુ વિગતો માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારશ્રીઓએ રૂબરૂમાં સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૨૧૬૨/૨૦૧૫-૧૬